મનપા દ્વારા ૪.૯૦ કરોડના મિલ્કતવેરાની વસુલાત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં તા. ૩-૪-૨૦૧૯ થી ૩૧-૫-૨૦૧૯ સુધી મિલ્કતવેરાના ૧૦ ટકા લેખે વળતરની યોજના હાલમાં ચાલુ છે. તા. ૩-૪-૨૦૧૯ થી તા. ૩૦-૪-૨૦૧૯ સુધી કુલ રૂપિયા ૪.૯૦ કરોડ જેટલી વસુલાત મળેલ છે. જેમાં કુલ ૧૨૯૫૮ કરદાતાઓએ લાભ લીધેલ છે. ઓનલાઈન મિલ્કતવેરાની વસુલાત રૂપિયા ૧.૨૩ કરોડ મળેલ છે. જે ૨૫.૧૦ ટકા વસુલાત ઓનલાઈન મળેલ છે. જે કરદાતા ઓનલાઈન મિલ્કતવેરાની ચુકવણી કરશે તેઓને ૨ ટકા વધારાનુ વળતર જે (ઓછામાં ઓછુ રૂપિયા ૨૦ અને વધુમાં વધુ રૂપિયા ૫૦૦)ની મર્યાદામાં મળવાપાત્ર છે. આ ઉપરાંત મિલકતમાં મહિલા માલિક હોય તો ૫ ટકા વધારાનું વળતર મેળવવા માટે વેરો ભરવા આવે ત્યારે માલિકીના પુરાવા જેવા કે સનદ, દસ્તાવેજ, ઈન્ડેક્ષ વિગેરે પૈકી ગમે તે એક પુરાવો રજુ કર્યેથી તાત્કાલિક ૫ ટકાનું વળતર આપવામાં આવશે. તા. ૩-૪-૨૦૧૯ થી ૩૦-૪-૨૦૧૯ સુધી કુલ ૧૩૨ મહિલા મિલકત ધારકોએ લાભ લીધેલ છે. તા. ૧-૫-૨૦૧૯ થી ૩૧-૫-૨૦૧૯ સુધીના તમામ શનિવાર, રવિવાર તેમજ અન્ય રજાના દિવસોમાં પણ ગ્રાઉન્ડ ફ્લોર, બહુમાળી ભવન, ખાતેનું સેન્ટર સવારે ૧૦ કલાકથી ૪ કલાક સુધી ટેક્ષ સ્વીકારવા માટે ચાલુ રહેશે.

શહેરમાં પાણીના પ્રશ્ને ભાજપના નેતાઓએ અલગ-અલગ વાત કહી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેમરાં પેયજળની સમસ્યા અંગે ભાજપના નેતાઓએ પત્રકારો સાથેની બેઠકમાં જ અલગ-અલગ વાતો રજુ કરતાં નગરમાં અને રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની જવા પામ્યો છે.

નગરમાં પાણી પુરા ફોર્સથી મળે તે સહિત વિકાસના કામો એ મોટી અગ્રતા રહેશે તેમ સ્થાયી સમિતિના ચેરમેન તરીકે વરણી પામ્યા બાદ દેવેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યુ હતુ.

જો કે આ પત્રકાર પરિષદમાં હાજર મેયર રીટાબેન પટેલે જણાવ્યુ હતુ કે અમે પાણી અને ગટરની સેવાઓ ઝડપથી મનપાને મળે તે દિશામાં આગળ વધીશુ એટલુ જ નહિ સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવાયેલ ૨૪૮૭ પેયજળ પ્રોજેક્ટના અમલીકરણ માટે શહેરની તમામ પાણીની પાઈપલાઈનો બદલી નાંખીશુ.

પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલ સહાયમાં આવ્યા હતા અને જણાવ્યુ હતુ કે અમે પા.યો. પેટા વિભાગને એક વર્ષ માટે પ્રતિનિયુક્તીથી મનપા હસ્તક મુકી અને સંચાલન સોંપવા અગાઉ વાત સરકારમાં કરી જ હતી.

જો કે દેવેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યુ હતુ કે અમે પાટનગર યોજનાના અધિકારીઓ સાથે બેઠક કરી સુયોગ્ય સંચાલન થાય એટલુ જ નહિ પુરો ફોર્સથી પાણી મળે તે જ અગ્રતા છે. તેમણે જણાવ્યુ હતુ કે નગરના વિકાસ કામો જે અટકેલા છે તેને પુનઃ ધમધમતા થાય તેમજ નગરનું નામ દેશમાં અને વૈશ્વીક સ્તરે આગવી ઓળખ ઉભી કરે એ જોવાશે.

ચાવડાએ આજે બોલવાનુ ઓછુ પસંદ કર્યુ હતુ. જોકે આ વાતચીત પત્રકારો સાથે ચાલતી હતી ત્યારે ડે. મેયર નાઝાભાઈ ધાંધર, શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ પણ હાજર હતા.

પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે પ્રચાર અભિયાનમાં

● અનુસંધાન પાન-૭ પર

સ્થાયી સમિતિના ચેરમેન તરીકે દેવેન્દ્રસિંહ ચાવડાની નિયુક્તી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિના

ચેરમેન તરીકે પૂર્વ ડે. મેયર અને ઈન્ચાર્જ મેયર રહી ચુકેલા દેવેન્દ્રસિંહ ચાવડાની પસંદગીને સ્થાયી સમિતિના સભ્યોએ મ્હોર મારતાં તેઓ ચૂંટાયેલા જાહેર થયા હતા.

દેવેન્દ્રસિંહ ચાવડાના નામની દરખાસ્ત કાર્તિક પટેલે રજુ કરી હતી જ્યારે ધીરૂભાઈ ડોડિયાએ તેનુ સમર્થન કર્યુ હતુ. સ્થાયી સમિતિના કાર્યકારી અધ્યક્ષ તરીકે બેઠકમાં પક્ષના મેન્ડેટ સાથે આવેલ કવર પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે ખોલી અને તેનુ વાંચન કર્યુ હતું.

સ્થાયી સમિતિની બેઠક શરૂ થાય તે પૂર્વે પ્રભારી કે.સી. પટેલ અને પૃથ્વીરાજભાઈ પટેલે સભ્યો સાથે સે. ૨૧ના ભાજપના કાર્યાલય કમલમ્ ખાતે બેઠક કરી હતી અને સભ્યોના મન જાણવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બધા સભ્યોએ એકી અવાજે નિર્ણય પ્રદેશ નેતાગીરી પર છોડી દીધો હતો.

સંગઠ્ઠનના હોદ્દેદારો સાથે પણ પ્રભારીઓએ બેઠક કરી હતી અને વરણી માટે ચર્ચાઓ કરી હતી તેમ જાણવા મળેલ છે.

વિદાય લેતા ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે નવા ચેરમેનની નિયુક્તી સર્વાનુમતે કરવામાં આવી છે. પક્ષના મોવડીઓએ સભ્યોને વિશ્વાસમાં પણ લીધા હતા એવો એકરાર પણ કર્યો હતો. તેમણે પત્રકારોને જણાવ્યુ હતુ કે તેમણે તેમના માટે કોઈ રજુઆત કરી ન હતી.

પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યુ હતુ કે પક્ષના નેતા, ઉપનેતા અને દંડકની નિયુક્તી પણ આચારસંહિતા ઉઠતાં જ કરી દેવામાં આવશે. પક્ષમાં કોઈ પણ પ્રકારના મતભેદ હોવાનો પણ તેમણે ઈન્કાર કર્યો હતો.

મનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સ્થાયી સમિતિની રચના અને ચેરમેનની નિયુક્તી થતાં જ વિકાસના અટકેલા કામો પુનઃ ગતિ પકડશે.

કલ્ચરલ ફોરમના રજતજયંતિ વર્ષની ઉજવણીનો આવતીકાલથી શુભારંભ

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂ. ગુરૂમા ઉપરાંત રાજ્યની ૨૫ પ્રતિભાઓ દીપ પ્રગટાવી ઉજવણીનો પ્રારંભ કરાવશે : ગ્રીષ્મોત્સવ અંતર્ગત તા. ૪ થી ૮ મે દરમિયાન વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૨

કલ્ચરલ ફોરમના રજતજયંતિ વર્ષની ઉજવણી અન્વયે તા. ૪ થી ૮ મે દરમિયાન ગ્રીષ્મોત્સવ અંતર્ગત વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૪ મે ના રોજ સાંજે ૭ કલાકે ઈન્ફોસિટી ક્લબ રીસોર્ટ ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ સમદર્શન આશ્રમના પૂ. ગુરૂમાની ઉપસ્થિતિમાં રજતજયંતી વર્ષની ઉજવણીનો પ્રારંભ થશે. આ પ્રસંગે કલા, સાહીત્ય, ફિલ્મ, નાટ્ય, સમાજસેવા, હસ્તકલા સહીતના ક્ષેત્રની ૨૫ પ્રતિભાઓ દીપ પ્રગટાવીને આ ઉજવણીને વધુ ભવ્ય બનાવશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દીપ પ્રગટાવીને 'ગ્રીષ્મોત્સવ'-૨૦૧૯ના આરંભ સાથે રજતજયંતી વર્ષની ઉજવણીનો શુભારંભ કરાવશે. આ વખતે મુખ્યમંત્રીશ્રીની સાથે ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ગુજરાતી ફિલ્મોના સુપ્રસિદ્ધ કલાકારો નરેશ કનોડીયા, મનોજ જોશી, અભિનેત્રી શ્રીમતી આરતી પટેલ, આરોહી પટેલ, નિસર્ગ ત્રિવેદી, મૌલિક નાયક, 'લવની ભવાઈ'ના દિગ્દર્શક સંદીપ પટેલ, સંગીતકાર ગૌરાંગ વ્યાસ, ગાયક કલાકારો સૌમિલ મુનશી, શ્યામલ મુનશી, નયનેશ જાની, સુપ્રસિદ્ધ સાહિત્યકારો-કવિઓ દોલત ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, માધવ રામાનુજ, તુષાર શુક્લ, દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, વી. એસ. ગઢવી, હિતેન આનંદપરા, શાસ્ત્રીય નૃત્યકાર ચંદન ઠાકોર, શ્રીમતી નિરાલી ઠાકોર, ચિત્રકાર શ્રીમતી ચૌલા દોશી અને સમાજસેવિકા જાનકી વસંત પણ વિશેષ ઉપસ્થિત રહીને ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજતજયંતી વર્ષ નિમિત્તે ૨૫ દિપ પ્રગટાવશે. ગુજરાતના વિવિધ કલા-સાહિત્ય અને સેવા ક્ષેત્રના ૨૫ પ્રતિષ્ઠિત પ્રતિભાઓની એક મંચ પર ઉપસ્થિતિ ગાંધીનગર માટે અમૂલ્ય નજરાણું બની રહેશે.

'ગ્રીષ્મોત્સવ'ના આરંભે; તા. ૪થી મે એ સાંજે ૭.૩૦ વાગ્યાથી 'હું છું ગાંધીનગર' પ્રસ્તુત થશે. ગાંધીનગરના જ સુપ્રસિધ્ધ લેખક-નાટ્યકાર પ્રકાશ લાલા દ્વારા લિખિત-દિગ્દર્શિત આ દસ્તાવેજી નાટ્ય-નૃત્ય-દ્રશ્ય-શ્રાવ્ય એમ

● અનુસંધાન પાન-૭ પર

ગરમીમાં રાહત - કાળઝાળ ગરમીમાંથી રાહત મેળવવા સ્વીમીંગ પુલ પર યુવાનો પહોંચી જાય છે... શહેરના સ્વીમીંગ પુલમાં આજકાલ સ્વીમરોની સંખ્યા વધતી જાય છે... છેલ્લા એક મહિનાથી સ્વીમીંગના શોખીનો 'એક પંથ, દો કાચ' પ્રેક્ટીશ અને ગરમીમાં રાહત એમ બેવડો લાભ મેળવે છે...

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યાને ડામવા પાઈપલાઈનનુ કામ હાથ ધરાશે

અગાઉ પાણીના બોર, સંપ તેમજ ઓવર હેડ ટાંકીનુ નિર્માણ કરાયુ હતુ : હવે પાઇપલાઇનની કામગીરી કરવામાં આવશે

ગાંધીનગર તા ૨

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા નવા બોર ,પાણીની ટાંકી અને સંપનુ કામ પુર્ણ કરાયા બાદ હવે આગામી દિવસોમાં પાણીની પાઈપલાઈનનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે . પાઈપલાઈનની કામગીરીના અંતે ગરમીના દિવસોમાં પાણીની ફરિયાદોનો પણ અંત આવશે તેમ પણ મનાઇ રહ્યુ છે.

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા ડામવા માટે અગાઉ પાણીના નવા બોર તેમજ ઓવરહેડ ટાંકી અને સંપ તૈયાર કરાયો છે. ઓવર હેડ ટાંકી , સંપ તેમજ બોરની કામગીરી પાછળ તોતિંગ ખર્ચ કરાયો છે. શહેરી વિસ્તારના ગામોની ટોપોગ્રાફી પણ પાણીની સમસ્યા પાછળ જવાબદાર છે. જેને અનુલક્ષીને કેટલાક ઠેકાણે ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પણ પ્રબળ બન્યો છે.આકરી ગરમીના દિવસોમાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીનો કકળાટ સ્થાનિકોમાં રોષનુ કારણ બને છે. થોડા દિવસ અગાઉ પણ પાણી ન આવતા ગામની મહીલાઓએ પાટનગર યોજના ભવન પાસે માટલા ફોડીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જો કે શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારના પાંચેય ગામોમાં ફાર્સથી પાણી મળી રહે તે માટે તંત્ર દ્વારા તબક્કાવાર જરૂરી કામગીરી પુર્ણ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદને ડામવા પાઈપ લાઈન અપગ્રેડ કરાશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં દાયકાઓ જુની ગટર લાઈન જટીલ સમસ્યાનુ કારણ બની છે. સેકટરમાં વધતી વસતી અને વિકાસ મુજબ ગટર લાઈન પણ અપગ્રેડ કરવાનુ અનિવાર્ય બન્યુ છે.જેને અનુલક્ષી સેકટરોમાં તબક્કાવાર ૧૫૦ ના બદલે ૪૫૦ ડાયામીટરની નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. સે-૨૧ માં મુખ્યલાઈનનુ કામ પુર્ણ થયા બાદ હવે સે-૩૦ માં પણ આ કામ શરૂ કરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત ૬૩ લાખનો ખર્ચ થશે. ગટર લાઈનને અપગ્રેડ કરવાની આ કામગીરીના અંતે ગટરો ઉભરાવાની ફરિયાદોનો પણ અંત આવશે.

શહેરમાં પાણી ગટર લાઈન દાયકાઓ જુની છે. સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ પ્રોજેકટ તૈયાર થઈ રહ્યો છે. પરંતુ હાલ પાણી અને ગટર લાઈન સેકટરની વધતી વસતી અને વિકાસની સાપેક્ષમાં સક્ષમ ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. એકતરફ તંત્ર પાસે પુરતા મેનપાવર અને મશીનરીના અભાવ વચ્ચે ગટરો ઉભરાવાની ફરિયાદોને ડામવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. ત્યારે ગટર લાઈન પણ અપગ્રેડ કરવાની તાતી અનિવાર્યતા ઉભી થઈ છે. તંત્ર દ્વારા સેકટરોમાં તબક્કાવાર ગટરની મુખ્યલાઈન યોગ્ય કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. અલબત્ત તેની ક્ષમતા વધારવા માટે પણ તબક્કાવાર કામગીરી કરવામાં આવી રહી છે. હાલ સે-૨૧ માં પેટ્રોલ પંપથી વાસ્તુનિર્માણ સોસાયટી સુધી ૪૫૦ ડાયામીટરની લાઈન નાંખવા માટેનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. જેમાં ૧૫૦ ડાયામીટરના બદલે હવે ૪૫૦ ની લાઈન નાંખવામાં આવી છે. જેના લીધે ગટર લાઈનનો ટ્રેક પણ બદલાયો છે. જો કે નવી લાઈન અપગ્રેડ કરાતા હવે આ વિસ્તારમાં ગટર લાઈનની ફરિયાદોનો અંત આવશે જયારે હવે સે-૩૦ માં પ્રેસ સર્કલ વિસ્તારમાં પણ ગટર લાઈનને અપગ્રેડ કરાશે. આ વિસ્તારમાં વિવિધ શો રૂમ ધમધમતા હોવાથી ગટર લાઈનની ફરિયાદોને ડામવા માટે મોટા ડાયામીટરની લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરાશે. સે-૨૧ માં કામગીરી પુર્ણ થતા હવે આ કામ પણ શરૂ કરી દેવાશે. આ બન્ને સેકટરોમાં ગટર લાઈન અપગ્રેડ કરવા માટે અંદાજિત રૂ ૬૩ લાખનો ખર્ચ કરાયો છે. જયારે આગામી દિવસોમાં સે-૨૨ અને સે-૨૯ માં પણ ગટરની મેઈનલાઈન બદલવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરાશે. આ માટે વહીવટી મંજુરીના અંતે ટેન્ડર પ્રક્રીયાના અંતે કામ હાથ ધરાશે. શહેરના સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈન છે. જયારે સેકટરની વધતી વસતી અને વિકાસ મુજબ આ ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે કામગીરી હાથ ધરાશે.

સે-૨૧ માં જુની ૧૫૦ ની લાઇન બદલી મુખ્ય લાઇન ૪૫૦ ડાયામીટરની નાંખવામાં આવી : હવે સે-૩૦ માં કામ હાથ ધરાશે : સેકટરોમાં મુખ્યલાઇન બદલાતા ગટરો ઉભરાવાની ફરિયાદોનો અંત આવશે

રાજ્યમાં ગરમીનું પ્રમાણ અકબંધ : પારો ૪૨થી ઉપર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં ગરમીનું પ્રમાણ અકબંધ રહ્યું છે. મહત્તમ તાપમાનમાં કોઇ ફેરફારની સ્થિતિ જોવા મળી નથી. આગામી બે ત્રણ દિવસ દરમિયાન પણ મહત્તમ તાપમન યથાવત રહેવાની સંભાવના હવામાન વિભાગ તરફથી વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી રહ્યું હતું. આજે અમદાવાદમાં ૪૧.૬ ઉપરાંત ડિસામાં ૪૧.૪, ગાંધીનગરમાં ૪૧.૪, સુરેન્દ્રનગરમાં ૪૧.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતું. રાજ્યમાં સૌથી વધારે ગરમીનો અનુભવ આજે કંડલા એરપોર્ટ ખાતે થયો હતો જ્યાં મત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી નોંધાયું હતું. હિટવેવને લઇને કોઇપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી જેથી સામાન્ય લોકોને રાહત થઇ છે. જો કે, અમદાવાદ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા હિટવેવને લઇને એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવ્યા બાદ તેને લઇને પણ રાહત થઇ છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં પાણીની પરબની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ તીવ્ર ગરમીનું મોજુ હાલમાં ફરી વળ્યું છે. આવતીકાલે અમદાવાદમાં પારો ૪૨ ડિગ્રી સુધી રહી શકે છે. હવામાનમાં એકાએક ફેરફારની સ્થિતિના પરિણામ સ્વરુપે લોકોને અને ખાસ કરીને બાળકોને સાવચેત રહેવાની સલાહ તંત્ર દ્વારા આપવામાં આવી છે. ગરમીથી બચવા માટે શહેરમાં જુદી જુદી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. કોર્પોરેશન તરફથી લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું જોઈએ. હળવા રંગના સુતરાઉ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું જોઈએ. આજે અમદાવાદ શહેરમાં પણ લોકોની હાલત કફોડી બની ગઈ હતી. અમદાવાદમાં એપ્રિલ માસમાં આટલી ગરમી હાલમાં સૌપ્રથમવાર નોંધાયા બાદ રેડ એલર્ટ જાહેર કરાયું હતું પરંતુ હવે ગરમીના પ્રમાણમાં આંશિક ઘટાડો થયો છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com